# બિહાર સહિત ૪ રાજયોની ૧૮ સીટ પર વોટિંગ

નવીદિલ્હી,તા. ૨૧

બિહાર, કર્ણાટક, મધ્યપ્રદેશ અને પંજાબમાં પેટાચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મધ્યમથી ભારે મતદાન થયું હતું. લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ચાર રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણી ઉપર તમામની નજર કેન્દ્રિત હતી. બિહારમાં ૧૦, કર્ણાટકમાં ત્રણ, મધ્યપ્રદેશમાં ત્રણ અને પંજાબમાં બે બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ હતી. મતદાન શાંતિપૂર્ણરીતે સંપન્ન થયું હતું. હવે બિહાર, પંજાબ અને કર્ણાટકમાં મતગણતરીના ૨૫મી ઓગસ્ટના દિવસે થશે અને ચિત્ર સ્પષ્ટ થશે. ટૂંકા ગાળામાં જ ઉંચુ મતદાન થયું હતું અને નરકટિયાગંજમાં બિહારમાં સૌથી વધુ મતદાન થયું હતું. દરમિયાન અન્ય રાજ્યોમાં પણ ઉંચુ મતદાન થયું હતું. અગાઉ બિહારમાં વિધાનસભાની ૧૦ બેઠકો માટેની પેટાચૂંટણી માટે આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. મતદાન શરૂ થવાની સાથે જ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારમાં જ કલાકોના ગાળામાં મતદાનની ટકાવારી ૧૦ ટકાથી વધુ રહી હતી. તમામ ૧૦ વિધાનસભા બેઠકોમાં કુલ ૨૪૨૨ મતદાન કેન્દ્રો સ્થાપતિ કરવામાં આવ્યા હતા.

આજે મતદાનની સાથે જ પાંચ મહિલાઓ સહિત ૯૪ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જે બેઠકા પર આજ મતદાન થયુ હતુ તેમાં નરકટિયાગંજ, રાજનગર, છપરા, હાજીપુર, મોહિઉદ્દીન, પરબત્તા, ભાગલપુર, બાંકા, મોહનિયાનો સમાવેશ થાય છે. આ ચૂંટણીને લઈને સમગ્ર બિહાર અને ખાસ કરીને ઉત્તર બિહારમાં રાજકીય ગરમી વધી ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસથી તમામ રાજકીય પક્ષો આ મતવિસ્તારોમાં રહેતા મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરવામાં આવી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેવા પ્રયાસ કરાયા હતા. લોકસભા માટે કેટલાક સભ્યોની ચુંટણી અને અન્યોના રાજીનામાના કારણે બિહારમાં પેટાચુંટણી યોજાઈ છે. તાજેતરમાં યોજાયેલી લોકભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ આરજેડી અને જેડીયુની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ભવ્ય જીત મેળવી હતી. તમામ જગ્યાએ આજે અર્ધલશ્કરી દળની ૬૦ અને બીએમપીની ૩૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. ઉપરાંત ૮૦૮ મતદાન કેન્દ્રો પર માઈક્રો ઓબ્ઝર્વર ગોઠવી દેવામાં આવ્યા હતા. ૭૯૬ બુથ પર ડિજિટલ કેમરા અને ૧૨૯ વિડિયો કેમેરા ગોઠવી દેવામાં આવ્યા હતા. બિહારમાં છપરા, હાઝીપુર, અન્ય તમામ જગ્યાઓએ ઉંચુ મતદાન થયું હતું. ૫૦ ટકાથી પણ ઉંચુ મતદાન થયું હતું.



## બેંક કામગીરીને વધુ પ્રોફેશનલ બનાવવા નાણામંત્રીની ખાતરી

નવીદિલ્હી, તા. ૨૧

પીએસયુ બેંકોમાં થઈ રહેલા ભ્રષ્ટાચારના બનાવના સંદર્ભમાં ચિંતા વ્યક્ત કરતા નાણાપ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતુ કે, સરકાર મેનેજમેન્ટને વધુ પ્રોફેશનલ બનાવવા માટે પગલા લઈ રહી છે. પીએસયુ બેંક મેનેજમેન્ટને વધુ પ્રોફેશનાઈઝ બનાવવા માટે પગલા લેવાઈ રહ્યા છે. આનાથી તેમના રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમમાં મજબૂતિ આવશે. ઈન્ડિયન બેંક દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા જેટલીએ કહ્યું હતું કે, બેંકોના મેનેજમેન્ટને પ્રોફેશનાઈઝિંગ મારફતે બેંકિંગ વ્યવસ્થાને મજબૂત કરી શકાશે. આ સંદર્ભમાં કેટલાક પગલા લેવામાં આવ્યા છે. નાણાંકીય સેવા વિભાગ દ્વારા આ સંદર્ભમાં સક્રિયરીતે પગલા લેવાઈ રહ્યા છે. બેંકોના નામનો ઉલ્લેખ કર્યા વગર નાણામંત્રીએ કહ્યું હતું કે, કેટલાક તાજેતરના દાખલા ચિંતા ઉપજાવે તેવા છે. એવી આશા છે કે, આવા બનાવોમાં ઘટાડો થશે. આવા બનાવોથી બોધપાઠલેવાની જરૂર છે. તેમનું નિવેદન બેંકોમાં કૌભાંડોના અનુસંધાનમાં ખુબ જ મહત્વપૂર્ણ છે. આ મહિનાની શરૂઆતમાં જ સિન્ડિકેટ બેંકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસકે જૈનની ભુસાન સ્ટીલ અને પ્રકાશ ઈન્ડસ્ટ્રીની ક્રેડિટ મર્યાદાને વધારવા ૫૦ લાખ રૂપિયાની લાંચ લેવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.



ઉપરાંત ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સ અને દેના બેંકના કેટલાક અધિકારીઓ તેમના ફિક્સ ડિપોઝિટ કસ્ટમરો પાસેથી ૪૩૬ કરોડની કિંમતના ફંડની ઉચાપતની શંકાનો સામનો કરી રહ્યા છે. સરકાર દ્વારા ફોરેન્સિક ઓડિટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સરકાર દ્વારા પીએસયુ બેંક મેનેજમેન્ટને મજબૂત કરવા પગલા લેવાઈ રહ્યા છે. સરકાર બેંકોની કામગીરીમાં વધુ પ્રોફેશનવાદ લાવવા અને રિસ્ક મેનેજમેન્ટને સુધારવા પગલા લઈ રહી છે તેવા જેટલીના નિવેદનથી શેરબજારમાં બેંકિંગ શેરોમાં તેજી આવી હતી. કેટલીક જાહેર ક્ષેત્રની બેંકોમાં હાલમાં ઘણા કૌભાંડો થઈ ચુક્યા છે. આવી સ્થિતિમાં જેટલીના નિવેદનને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સિન્ડિકેટ બેંકના ચેરમેન એસકે જૈન ગંભીર પ્રકારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે.

## ખેલાડીઓને વિદેશી પ્રવાસે પત્નિ, ગર્લફ્રેન્ડ લઈ જવા મંજૂરી નહીં મળે

મુંબઈ,તા. ૨૧

ડંકન ફ્લેચરના નેતૃત્વમાં સપોર્ટ સ્ટાફની બાદબાકી કરવામાં આવ્યા બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ હવે વધુ આક્રમક પગલા લેવા માટે સજ્જ થઈ ગયું છે. ક્રિકેટ બોર્ડે હવે વિદેશી પ્રવાસમાં પત્નિ અને ગર્લફ્રેન્ડની ખેલાડીઓની કંપની ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. આનો મતલબ એ થયો કે, ખેલાડીઓ તેમના પત્નિ અને ગર્લફ્રેન્ડને વિદેશના પ્રવાસ પર લઈ જઈ શકશે નહીં. ક્રિકેટ બોર્ડે એવો નિર્ણય કર્યો છે કે, વિદેશી પ્રવાસમાં ખેલાડીઓને ગર્લફ્રેન્ડને લઈ જવાની મંજુરી અપાશે નહીં. ક્રિકેટરોની પત્નિને લઈને પણ કઠોર વલણ અપનાવવામાં આવનાર છે.

ઈંગ્લેન્ડની સામે તાજેતરમાં ટેસ્ટ શ્રેણીમાં શરમજનકરીતે ભારતીય ટીમની હાર થયા બાદ ટીમ ઈન્ડિયાની ચારેબાજુ ટિકા થઈ રહી છે. આ શ્રેણીમાં ભારતીય ખેલાડીઓએ સ્લિપમાં કેચ ઝડપી પાડવાના દરેક બીજી તકને ગુમાવી હતી. ઉપરાંત ટોપ ઓર્ડરના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ટોપ ઓર્ડરના બે બેટ્સમેનો વારંવાર એક જ પ્રકારની ભુલ કરીને આઉટ થયા હતા. ખેલાડીઓના શરમજનક દેખાવ બાદ તેની અસર હવે તેમની



પત્નિ અને તેમની ગર્લફ્રેન્ડ પર પણ પડનાર છે. એક અગ્રેણી અખબારના જણાવ્યા મુજબ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે હવે આક્રમક વલણ અપનાવવાની તૈયારી કરી લીધી છે. બોર્ડે નિર્ણય કર્યો છે કે હવે વિદેશી પ્રવાસમાં ભારતીય ટીમના ખેલાડીઓને પત્નિ અને ગર્લફ્રેન્ડને રાખવાની મંજૂરી આપવામાં આવસે નહી.આ ઉપરાંત પત્નિઓને લઈને પણન બોર્ડ નારાજ છે. ક્રિકેટરોની પત્નિ કોઈ પણ પ્રવાસમાં કેટલી વાર સુધી રોકાશે તે અંગે બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવસે. ઈંગ્લેન્ડની સામે હાર થયા બાદ સ્ટાર ખેલાડીઓની વ્યાપક ટિકા થઈ રહી છે. ખાસ કરીને વિરાટ કોહલીની ચારે બાજુ ટિકા થઈ રહી છે. વિરાટ કોહલીને તેની ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી અનુષ્કા શર્માને સાથે રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. તેના કારણે બોર્ડની પણ ટિકા થઈ હતી. હવે બોર્ડ આવી ભુલ કરવા તૈયાર નથી. બીસીસીઆઈના એક ટોચના અધિકારીએ કહ્યું છે કે વિદેસી પ્રવાસમાં ક્રિકેટરોની પત્નિ કેટલા સમય સુધી સાથછે રહેશે તે અંગે બોર્ડ નિર્ણય કરશે. ભારતીય બોર્ડ પણ હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બોર્ડની દિશામાં આગળ વધવા ઈચ્છુક છે. બન્ને બોર્ડ દ્વારા કેટલાક નિયમો લાગુ કરે છે. અનુષ્કા શર્માની ઉપસ્થિતિમાં વિરાટ કોહલીનો દેખાવ એકદમ નબળો રહ્યો હતો. આ ઉપરાંત અન્ય ખેલાડીઓ પણ ફ્લોપ રહ્યા હતા. ઈંગ્લેન્ડના પ્રવાસ માટે બીસીસીઆઈએ ચેતેશ્વર પુજારા, મુરલી વિજય, આર અશ્વિન, સ્ટુઅર્ટ બિન્ની, ગૌતમ ગંભીરને પોતપોતાની પત્નિને સાથે લઈ જવાની મંજુરી આપી હતી. ઉપરાંત વિરાટ કોહલીને અનુષ્કા શર્માને સાથે લઈ જવાની મંજુરી અપાઈ હતી. ક્રિકેટ બોર્ડને એવી માહિતી મળી છે કે, ખેલાડી ક્રિકેટ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા ઈચ્છુક હતા પરંતુ તેમની પત્નિઓ અને ગર્લફ્રેન્ડના કારણે ધ્યાન કેન્દ્રીત કરી શક્યા નહતા કારણકે, તેમની પત્નિ અને ગર્લફ્રેન્ડ ફરવા માટે ઈચ્છુક હતી. આ તમામ કારણોસર હવે ક્રિકેટ બોર્ડે કઠોર ધારાધોરણ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

**મોદી સરકારને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકયો**

## રાજીનામુ આપવા ઉત્તરાખંડના રાજ્યપાલના ઈન્કારથી વિવાદ

નવી દિલ્હી,તા. ૨૧

એક અભૂતપૂર્વ હિલચાલરૂપે ઉત્તરાખંઢના રાજ્યપાલ અઝીઝ કુરેશીએ હવે આક્રમક વલણ અપનાવીને રાજીનામુ આપી દેવાનો સાફ ઈન્કાર કર્યો છે. સાથે સાથે નરેન્દ્ર મોદી સરકારની હિલચાલ સામે પ્રશ્ન કરીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા બાદથી યુપીએના શાસન દરમિયાન નિમાયેલા અનેક રાજ્યપાલો રાજીનામુ આપી ચુક્યા છે. કેન્દ્રિય ગૃહ સચિવ મારફતે પત્ર આપીને યુપીએના શાસન દરમિયાન નિમાયેલા



રાજયપાલોને રાજીનામુ આપી દેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. બંધારણીય જોગવાઈનો ભંગ કરવાનો મોદી સરકાર પર આક્ષેપ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં મામલો પહોંચી ગયા બાદ હવે કાયદાકીય પાસાંમાં ચકાસણી કરવામાં આવશે. અજીઝે મોદી સરકારની હિલચાલ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે.ગૃહ સચિવની હિલચાલ સામે પણ પ્રશ્ન કર્યા છે. તાકીદની સુનાવણી માટે આ અરજી કરવામાં આવી છે. તેમની અરજીમાં અઝીઝે કહ્યું છે કે ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું છે કે બંધારણની કલમ ૧૫૬ (૧) હેઠળ રાજ્યપાલ રાષ્ટ્રપતિની મંજૂરીથી હોદ્દો મેળવે છે. જો રાષ્ટ્રપતિનો વિશ્વાસ હોય તો તે પાંચ વર્ષ પૂર્ણ કરે છે. તેઓએ વર્ષ ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશનો ઉલ્લેખ કર્યો છે. મામલામાં સુનાવણી પર તમામની નજર રહેશે. સુપ્રીમ કોર્ટે અગાઉ અનેક વખત કહ્યું છે કે, ગર્વનર કેન્દ્ર સરકારના કર્મચારી નથી. મોદી સરકાર આવ્યા બાદથી ગોવામાં વાન્ચુ, ઉત્તરપ્રદેશમાં જોશી, બંગાળમાં એમકે નારાયણન અને છત્તીસગઢમાંથી શેખર દત્તે રાજીનામા આપ્યા છે. કમલા બેનીવાલની મિઝોરમના રાજયપાલ તરીકે હકાલપટ્ટી કરાઈ હતી.

## યુપી, બિહાર અને આસામમાં હજુ પણ પુરની સ્થિતી ગંભીર

નવી દિલ્હી,તા. ૨૧

ઉત્તરપ્રદેશ, બિહાર અને આસામના અનેક જિલ્લાઓમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. લાખો લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. એકલા ઉત્તરપ્રદેશમાં મોતનો આંકડો વદીન ૮૫ ઉપર પહોંચી ગયો છે. વધુ ૧૩ લોકોના મૃતદેહો મળી આવ્યા છે. સેંકડો ગામ પુરના સંકજામાં આવી ગયા ચે. બીજી ıબાજુ ઉત્તારાખંડમાં નવેસરથી ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. બિહારમાં મોતનો આંકડો વધીને ૨૫ ઉપર પહોંચી ગયો છે. આસામમાં ૧૪ જિલ્લા પુરના સંકજામાંછે. ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના કારણે તારાજી સર્જાઈ છે.ઉત્તરાખંડ, આસામ, ઉત્તરપ્રદેશ અને બિહારમાં પુરના કારણે સેંકડો લોકોના મોત થઈ ગયા છે અને લાખો લોકોને માઠી અસર થઈ છે. ઉત્તરાખંડમાપ૦થી વધુ લોકોના મોત પુર અને ભેખડો ધસી પડવાના કારણે થયા છે. બીજીબાજુ ઉત્તરપ્રદેશમાં પણ આવી જ હાલત બનેલી છે. આસામ, બિહારમાં સ્થિતિમાં સુધાર થયો હોવા છતાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. ચારધામની યાત્રા પણ ખોરવાઈ ગઈ છે. કારણકે, બદ્રીનાથ, યમનોત્રી અને ગંગોત્રી તરફ દોરી જતા મોટાભાગના માર્ગો તમામ જગ્યાઓએ બંધ કરી દેવાયા છે. ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયેલું છે. લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ, ઉત્તરપ્રદેશમાં પણ હવે પુરની સ્થિતી વણસી ગઈ છે. પુરના કારણે હજુ સુધી ૮૫ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૧૫૦૦ ગામો પુરના પાણી હેઠળ આવી ગયા છે. ૧૭૦૦૦ જેટલા લોકો ઘરવગરના થઈ ગયા છે.અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ચાર ટીમો તૈનાત કરવામાં આવી છે. બે હેલિકોપ્ટર પણ રાખવામાં આવ્યા છે સેનાના હેલિકોપ્ટરો દ્વારા ખાવા-પીવાની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાજ્ય સરકારે રાહત કામગીરી માટે ૫૧ કરોડ રૂપિયા જારી કર્યા છે. દરમિયાન બિહારમાં પણ હાલત કફોડી બનેલી છે. બિહારમાં ૫.૮ લાખ લોકો સંકજામાં આવી ગયા છે. બિહારના ૧૪ જિલ્લાઓમાં પુરની સ્થિતિ ગંભીર બનેલી છે. પટણા, ગોપાલગંજ, પુર્વીય ચંપારણ અને શેખપુરામાં હાલત કફોડી બનેલી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ વિભાગના ખાસ સચિવ અનિરુધ કુમારનું કહેવું છે કે, મોટર બોટ સહિત ૪૮૭ બોટની સેવા લેવામાં આવી છે. બિહારમાં ૧૪ જિલ્લાના ૮૦૩ ગામોને માઠીઅસર થઈ છે. સત્તાવાર રીતે મોતનો આંકડો ૧૬ છે પરંતુ બિનસત્તાવાર રીતે આંકડો ૨૫ પર પહોંચ્યો છે. ૧૪ લાખ લોકોને માઠીઅસર થઈ છે. ૨ લાખ હેક્ટર કૃષિ ભૂમિને નુકશાન થયુંછે. ૫૨.૨૧ કરોડની કિંમતના પાકને નુકશાન થયું છે.આસામમાં પણ સ્થિતિમાં કોઈ સુધાર થયો નથી. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે.

## સલમાનખાન હિટ એન્ડ રન કેસ : કેસ ડાયરી લાપતા થઈ

નવીદિલ્હી,તા. ૨૧

બોલીવુડના સુપર સ્ટાર સલમાન ખાનને આવરી લેતા ૨૦૦૨ના ચકચારી હિટ એન્ડ રન કેસમાં આગામી સુનાવણી ૧૨મી સપ્ટેમ્બર સુધી મોકૂફ રાખવામાં આવી છે. મુંબઈની સેશન કોર્ટે આજે કેસ સાથે સંબંધિત કોર્ટમાં ઈન્વેસ્ટીગેટિંગ ઓફિસરને રજૂ કરવાનો આદેશ કર્યો હતો. સાથે સાથે એફિડેવિટ દાખલ કરવા માટેનો પણ આદેશ આપવામાં આવ્યો હતો. અગાઉ દિવસમાં એવા અહેવાલ આવ્યા હતા કે, સાક્ષીઓના નિવેદન સાથે સંબંધિત કેસ ડાયરી લાપત્તા થઈ ચુકી છે. જ્યારે નિયુક્ત કોન્સ્ટેબલો દ્વારા આ મુદ્દો રજૂ કરવામાં આવ્યો ત્યારે તમામને આશ્ચર્ય થયું હતું. કેસ ડાયરી લાપત્તા



થવાને લઈને પણ ચર્ચા શરૂ થઈ છે. પેપરો ગુમ થવા સાથે સંબંધિત ઘટનાક્રમને લઈને અધિકારીઓ ગેરરીતિની શક્યતા નકારી રહ્યા નથી. અભિનેતા સામે પુરાવા સાથે ચેડાની શક્યતા રહેલી છે. ૨૦૧૩માં નવેસરથી ટ્રાયલનો આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આમા ઝડપતી કાર્યવાહી આગળ વધી હતી. નવેસરથી ટ્રાયલના પરિણામ સ્વરુપે પુરાવા અને સાક્ષીઓની ફેરચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. હજુ સુધી ૧૧ સાક્ષીઓની ચકાસણી કરવામાં આવી છે જે પૈકી એક હોસ્ટાઈલ સાબિત થઈ ચુક્યો છે. સલમાન ખાનની ગાડી ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે બાંદરામાં એક ઝુંપડપટ્ટીમાં ઘુસી ગઈ હતી જેના કારણે એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. મુંબઈ કોર્ટે પાંચમી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે આ કેસમાં નવેસરથી ટ્રાયલનો આદેશ કર્યો હતો જે હાલમાં સેશન કોર્ટમાં ચાલી રહી છે.

## હિમાચલ : બસ ખીણમાં પડતા ૨૩ના થયેલ મોત

કિન્નોર, તા.૨૧

હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લામાં રોહત્રંગ ગામમાં એક ઉંડી ખીણમાં ખાનગી બસ ખાબકી જતાં ૨૩ લોકોના મોત થયા છે અને અન્ય ૧૭ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

આ બસ ૪૦૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. સિમલાથી આશરે ૨૫૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુંહતુંકે, ૧૪ લોકોના ઘટના સ્થળે મોત થયા હતા જ્યારે અન્ય નવ લોકોના હોસ્પિટલ લઈ જતી વેળા મોત થયા હતા. આ બસમાં ૩૫ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. આ બનાવ બન્યો ત્યારે બસમાં યાત્રીઓ ભરચક હતા. ઈજાગ્રસ્તોને આઈજીએમસી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને ખસેડવા માટે હેલિકોપ્ટર પણ મોકલવામાં આવ્યા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરાઈ હતી. મુખ્યમંત્રી વીરભદ્રએ બનાવ અંગે દુખ વ્યક્ત કર્યું હતું.

## સમાચાર ઝલક

- વર્ષ ૨૦૧૫-૧૬ને જળ સંરક્ષણ વર્ષ તરીકે ઉજવાશે : ઉમા ભારતી.
- મારફીન નામની દવા કેન્સરની પીડાને દૂર કરે છે. સારવારમાં સુધારો થયો છે.
- ઝેર નકલી હોવાની આત્મહત્યાનો પ્રયાસ કરનારી મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી.
- નવા આર.ટી.ઓ. કાયદાની માઠી અસર થશે. ગુજરાતમાં ૪૫ કચેરી બંધ થશે. કર્મચારીઓ ચિંતાતુર.
- ઈસ્લામાબાદમાં વિસ્ફોટક પરિસ્થિતિ.
- લાંચની માંગણી કરી તો પણ ગુનો બનશે. જેલના સળિયા પાછળ રહેવું પડશે.
- ચોમાસુ ટફ-હાલમાં કોઈ સિસ્ટમ નથી. જેથી વરસાદની આશા નહિવત.
- લીંબડી પાસે કાર પલ્ટી જતાં રાજકોટના ઉદ્યોગપતિના એકના એક પુત્રનું મોત.
- તમાકુ સેવનની છુટ માટેની વય મર્યાદા ૧૮થી વધારી ૨૫ વર્ષ કરવાની વિચારણા.
- ચૂંટણીમાં કામગીરી કરતા કર્મચારીઓની અનેક માંગણી સ્વીકારાઈ. ભથ્થાઓમાં ફેરફાર.
- તહેવારો બાદ રાજયભરમાં રોગચાળો વકર્યો : ઝાડા-ઉલટી-તાવ-શરદી-મેલેરિયાના સંખ્યાબંધ દર્દીઓ.
- આસામ-નાગાલેન્ડ સરહદે તંગ પરિસ્થિતિ. સુરક્ષા જવાનો સાથે પ્રજાની અથડામણ.
- પરિણીત પુત્રી તેના માતા પિતાના પરિવારનો સભ્ય ગણાય-મુંબઈ હાઈકોર્ટનો શકવર્તી ચુકાદો.
- દેશમાં રીયલ એસ્ટેટમાં સૌથી વધુ કાળુ નાણું છે : સીટ.
- સેન્સર બોર્ડના સી.ઈ.ઓ. રાકેશકુમાર પાસે કરોડોની સંપત્તિ પકડાઈ.
- લઘુ ઉદ્યોગોના નવા એક લાખ એકમો ઉભા કરાશે. ૧૦૦ કરોડની નવી પ્રોત્સાહન યોજના.
- પોરબંદરમાં સુરક્ષા સેતુ અભિયાનમાં યુવતીઓને કપડાં પહેરવાની સલાહ અંગે વિવાદ વધુ વકર્યો.
- સુરત મહાનગરપાલિકામાં વોટરએપથી ફરિયાદની સગવડતાથી ભ્રષ્ટ કર્મચારી-અધિકારીઓમાં ફફડાટ.

## જયા બચ્ચનના લીધે સપા સાથે સંબંધ તુટી ગયા હતા

સમાજવાદી પાર્ટીમાં પરત એન્ટ્રી કરવાના પ્રયાસ કરી રહેલા નેતા અમરસિંહે એમ કહીને નવી ચર્ચા જગાવી છે કે જયા બચ્ચનના લીધે સમાજવાદી પાર્ટી સાથે તેમના સંબંધો તુટી ગયા હતા. તેમણે કહ્યું છે કે જયા બચ્ચને ગેરસમજ ઉભી કરી હતી. તાજેતરમાં બે વખત મુલાયસિંહની સાથે નજરેપડી ચુકેલા અમરસિંહે એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં આ મુજબની વાત કરી છે. તેમણે કહ્યું છે કે રાજ્યસભાના સાંસદ અને વિતેલા વર્ષોની અભિનેત્રી જયા બચ્ચનના લીધે સંબંધો તુટી ગયા હતા. અમરસિંહ દ્વારા કરવામાં આવેલા નિવેદન મામલે જયા બચ્ચને હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

## પેટ્રોલ-ડિઝલ ખરીદવા ટૂંકમાં પ્રમાણપત્ર ફરજીયાત : રિપોર્ટ


નવી દિલ્હી,તા. ૨૧

પેટ્રોલ અને ડિઝલની ખરીદી કરવા માટે ટૂંક સમયમાં જ લોકોને પ્રમાણપત્ર આપવાની જરૂર રહેશે. પોલ્યુશન અન્ડર કંટ્રોલ નામનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે. આ એક નવી પ્રથાને લઈને કેટલાક લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. દિલ્હી સરકારે આ સંદર્ભમાં સૈદ્ધાંતિક નિર્ણય લઈ લીધો છે. શહેરમાં વાહનથી થતાં પ્રદૂષણને રોકવાના હેતુસર આ નિર્ણય લેવાયો છે. ચીફ સેક્રેટરી એસકે શ્રીવાસ્તવના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં હવાઈ પ્રદૂષણ સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી શ્રીવાસ્તવે કહ્યું હતું કે, વાહનોમાં પ્રદૂષણને ડામવા માટે નિષ્ણાંત કમિટી દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ કમિટી દ્વારા જ પ્રદૂષણ નિયંત્રણ હેઠળ છે તેવા પ્રમાણ પત્રની વાત કરવામાં આવી છે. શ્રીવાસ્તવનું કહેવું છે કે, નિષ્ણાંત કમિટીની ભલામણોને સ્વીકારી લેવામાં આવી છે. વાહનોની પ્રદૂષણની સપાટીને જાણવા માટે જુદા-જુદા પેટ્રોલ પંપ ઉપર પહેલાથી જ સુવિધાઓ આપવામાં આવેલી છે. ચીફ સેક્રેટરીનું કહેવું છે કે, જરૂરીયાત વધારવા માટે વધુ પગલાઓ લેવામાં આવશે. આ નિર્ણય મુજબ પીયુસી સર્ટીફીકેટ નહીં ધરાવનાર વાહન ચાલકોને પેટ્રોલ અથવા ડિઝલ ખરીદવાની મંજુરી મળશે નહીં. કારણકે, પેટ્રોલ પંપ ઉપર આને ફરજીયાત કરવામાં આવશે. ડિઝલ અથવા પેટ્રોલ વેચતા પહેલા પીએસયુની ચકાસણી કરવામાં આવશે. નિષ્ણાંત કમિટીએ ગયા વર્ષે શ્રેણીબદ્ધ ભલામણો કરી હતી જેમાં પાર્કીંગ ફીમાં વધારો કરવા સહિતની ભલામણનો પણ સમાવેશ થાય છે.

## હિમાચલમાં ધરતીકંપના આંચકાથી ભારે ફફડાટ

નવીદિલ્હી, તા. ૨૧

હિમાચલ પ્રદેશમાં પાંચની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આજે નોંધાયો હતો. આના કારણે લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. આની અસર દિલ્હીમાં પણ હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું



છે કે, રિક્ટર સ્કેલ ઉપર પાંચની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આજે બપોરે અનુભવાયો હતો. આ આંચકો ૧.૪૧ વાગે અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્ર હિમાચલમાં ચંબા-કાંગરા જિલ્લામાં નોંધાયું છે. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે કહ્યું છે કે, ભૂકંપનો આંચકો અનુભવાયા બાદ લોકો પાલમપુર અને ધર્મશાળામાં તેમના આવાસમાંથી બહાર દોડી ગયા હતા. ભૂકંપની તીવ્રતા પાંચ હોવાના કારણે તેની અસર પાટનગર દિલ્હીમાં પણ નોંધાઈ હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળ્યું છે. જો કે, દિલ્હીથી આ અહેવાલને હજુ સુધી સમર્થન મળ્યું નથી. ભારતમાં પણ હાલ આંચકાઓ અનુભવાયા છે.